# વૈશ્વિક એકતા માટે સમલૈંગીક લોકોનો સામાજિક સ્વીકાર કરવો ખૂબ જર્ઋરી

GNLU ખાતે પ્રો. કે. પરમેશ્વરને સેક્શન ૩૭૭ના ચુકાદા વિશે સ્ટુડન્ટસ સાથે વાતચીત કરી




સામાજિક અને વ્યવહારિક સુધારા અને સમાનતા માટે સંવિધાનમાં સુધારા કરવા જર્ઋરી બને છે, સેક્શન ૩૭૭માં કરવામાં આવેલા બદલાવ પણ સમાજ સુધારણાનો એક ભાગ છે. કલમ ૩૭૭ના સુધારા દ્વારા એલજીબીટી કોમ્યુનિટીના લોકોને સમાજમાં પોતાના હક્કો મળશે અને તેઓ સામાન્ય જીવન જીવી શકશે. તેમ જીએનએલયુ ખાતે યોજાયેલા સેક્શન ૩૭૭ વિશેના સેમિનારમાં પ્રો. કે પરમેશ્વરને કહ્યું હતું. વધુમાં તેમણે કહ્યું કે, સમલૈંગીકતા સોસાયટીની સત્યતા છે, વિશ્વ એકતા માટે સમલૈંગીક લોકોનો સોસાયટીએ સ્વિકાર કરવો જ પડે. ઉપરાંત ઓળખએ વ્યક્તિની પ્રતિષ્ઠા છે અને દેશના લોકોની પ્રતિષ્ઠાને રક્ષણ આપવાની વિશિષ્ટ જોગવાઇ કાયદામાં છે. સેમિનારનાં અંતે સ્ટુડન્ટસ અને ફેકલ્ટીએ સેક્શન ૩૭૭ વિશે પ્રો. કે પરમેશ્વરન સાથે ડિબેટ પણ કરી હતી.

૧૮૬૦ના કાયદાને સુપ્રિમે હટાવી ભારતીય સંસ્કૃતિનું અભિવાદન કર્યું

સુપ્રિમ કોર્ટે ચુકાદા દ્વારા પશ્ચિમી સંસ્કૃતિ દ્વારા લગાવવામાં આવેલા વર્ષો જૂના પ્રતિબંધને હાટાવાયો અને ભારતીય સંસ્કૃતિનું અભિવાદન કર્યું છે.ભારતીય સંસ્કૃતિ મુજબ સમલિંગી અભિગમ ગુનો નથી. ૧૮૬૦માં ભારતીય સંવિધાનમાં અંગ્રેજ સરકાર દ્વારા ૩૭૭ની કલમ દાખલ કરવામાં આવી હતી. જેના કારણે ઘણા ભારતીય સમલૈંગીકોના સામાન્ય અધિકારો છીનવાઇ ગયા હતા.

૩૭૭ના ચુકાદા માટે ઇમોશનલ અને સાયકોલોજીકલ તર્કને ધ્યનમાં લેવાયા હતા

સુપ્રિમ કોર્ટ દ્વારા આપવામાં આવેલા ચુકાદામાં બાયોલોજીકલ, સાયકોલોજીકલ, ઇમોશનલ અને ન્યુરોલોજીકલ પરિણામોને ધ્યાનમાં લેવામાં આવ્યા હતા. ચુકાદાના પરિણામથી વર્તમાન સમાજમાં શુ બદલાવ આવી શકે અને લોકોના જીવન પર ચુકાદાની કેવી અસરો પડી શકે તેનો પણ અભ્યાસ ધ્યાનમાં લેવાયો હતો. ઉપરાંત ચુકાદાને કેટલાક લીગલ તર્કની પણ અસર જોવા મળી હતી.

Tags : GNLU (/tags/GNLU/1)

G+ in ()